જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૮/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૪૨૭/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૬૪ | ૧ | ૧૦૩૬૫ | ૧૬૪૫૩ | ૨ | ૧૬૪૫૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૦ | ૪૩૩૭ | ૫૮૫૨ | ૦ | ૫૮૫૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૫ | ૦ | ૪૫ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૬૯ | ૨ | ૧૪૦૭૧ | ૧૪૭૧૦ | ૫ | ૧૪૭૧૫ |
| | કુલ | ૨૮૮૧૫ | 3 | ૨૮૮૧૮ | ૩૭૨૨૯ | ૭ | ૩૭૨૩૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૩ | ૮,૧૯૧૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૮ | ૧,૧૮,૦૦૦/- |

# ગુમ થયેલ શોધ્યા અંગેની કામગીરીની વિગત


## રાણીપ નરોડા પોલીસ સ્ટેશન :

### ગુમ થયેલ પુરૂષ ને શોધી કાઢતી  રાણીપ પોલીસ

મેહરબાન ડી.જી.પી સાહેબ શ્રી તથા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૧ સાહેબ તથા ના.પો કમિશ્નર શ્રી ઝોન-૦૨ તથા મ.પો.કમિ શ્રી "એલ" ડિવીઝન  તથા પો.ઈન્સ શ્રી જે.બી.ખાંભલા સાહેબ નાઓએ ગુમ થયેલ સ્રી/પૂરૂષ/બાળકો  શોધી કાઢવા અંગે જરૂરી સુચના તેમજ માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન ના મ.સ.ઈ બિપીનકુમાર હરગોવિનદાસ બ.ન ૮૦૦૮ તથા અનાર્મ પો.કો વિપુલકુમાર નરોત્તમભાઈ બ.ન ૩૦૫૭ તથા અનાર્મ પો.કો રાકેશકુમાર બાબુજી બ.ન ૯૯૭૯ નાઓ સાથે રાણીપ પો.સ્ટે જા.જોગ નંબર ૩૨/૨૦૧૩ તા-૧૬/૦૩/૨૦૧૩ ના કામે ગુમ થનાર રતનપ્રસાદ શ્રીરામપાલ જાતે-ગડેડી ઉ.વ ૩૫ રહેવાસી- બી/૩૯  અધ્દ્વેત  સોસાયટી રાધા સ્વામી રોડ રાણીપ અમદાવાદ શહેરનાઓ ગઈ તારીખ ૧૬/૦૩/૨૦૧૩ ના રોજ પોતાના ઘરેથી કોઈને કંઈ પણ જાણ કર્યા વગર ચાલ્યા ગયેલ હોય જેઓને આજ રોજ તારીખ ૨૧/૦૮/૨૦૨૦ ના રોજ શોધી કાઢી ગુમ થનાર ઈસમ ને સહી સલામત તેઓના પરિવાર ને સોપેલ છે તા-૨૧/૦૮/૨૦૨૦

કામ કરનાર અધિકારી/કર્મચારી - મ.સ.ઈ બિપીનકુમાર હરગોવિનદાસ બ.ન ૮૦૦૮ તથા અનાર્મ પો.કો વિપુલકુમાર નરોત્તમભાઈ બ.ન ૩૦૫૭ તથા અનાર્મ પો.કો રાકેશકુમાર બાબુજી બ.ન ૯૯૭૯

(ગુમ થનાર)





# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :-

## પ્રોહી/જુગાર/NDPS ની ડ્રાઇવ દરમ્યાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન ૩૨-નંગ મોટી ઇંગ્લીસ દારૂની બોટલો સાથે એક ઇસમને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે ચાલી રહેલ તહેવારોને લઇને પ્રોહીબીશન/જુગારની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ડ્રાઇવનું આયોજન કરેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પો.કમિશ્નર શ્રી "જી" ડિવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ ઇન્ચાર્જ પો.ઇન્સ શ્રી **જે.જી.પટેલ** સાહેબ નાઓની સુચના આધારે પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તેમજ કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ આજરોજ બપોરના ક.૧૩/૦૦ થી પો.સ્ટે વિસ્તારમાં સધન પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા રાતના ક.૧૪/૧૫ વાગે ઠક્કરનગર ચાર રસ્તા આગળ આવતા **અ.હેડ.કોન્સ દિનેશકુમાર જીવાજી બ.નં-૮૧૮૧** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " **એક ઇસમ નામે રણજીત ઉર્ફે રવી પુકાજી નાયક(મારવાડી) નાનો તેના મકાન વસંતનગરના છાપરા પોતાના મકાન આગળ પોતાના કબ્જાની બ્રાઉન કલરની એકટીવા નં-GJ-01-NV-7019 ની લઇને તે એકટીવા ઉપર કેટલોક ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો રાખી સગે-વગે કરવાની ફિરાકમાં ઉભો છે** " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓએ સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી રેઇડ કરી ઉપરોકત બાતમી હકિકત વાળા ઇસમને તેના કબ્જામાંની એકટીવા આગળ રાખેલ ભારતીય બનાવટના ઇંગ્લીસ દારૂના જથ્થા સાથે તેના રહેણાંક મકાન ની આગળ જાહેરમાંથી પકડી પાડી તપાસ ચાલુ રાખી ધી.પ્રોહી કલમ-૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૯૮(૨) મુજબની કાયદેસરની કાર્યવાહી કરી પ્રોહીબીશન નો કેશ સોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૨૧/૦૮/૨૦૨૦

**આરોપીઓના નામ :-** રણજીત ઉર્ફે રવી સ/ઓ પુકાજી જાતે નાયક(મારવાડી) ઉ.વ.૩૩ ધંધો-મજુરી રહે,મ.નં-૬૪૮,વસંત નગરના છાપરા ધનલક્ષ્મી કોમ્પ્લેક્ષ પાછળ ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ-સોજત તા.જી.પાલી રાજસ્થાન **(વોન્ટેડ)** દારૂનો જથ્થો આપનાર કમલેશ ઉર્ફે કાળુ દેવીદાસ કડબે (મરાઠી) તથા સંદીપ ઉર્ફે કાળીયો શ્રીકિશન દિવાકર રહે,વસંતનગરના છાપરા ઠક્કરનગર અમદાવાદ શહેર દારૂનો જથ્થો મંગાવનાર કાનો સિંધી રહે,વસંતનગરના છાપરા ઠક્કરનગર તેમજ મુકેશ ભૈયાજી રહે,યોગેશ્વર પાર્ક કાકડીયા હોસ્પીટલ પાસે શહેર કોટડા તથા નિતીન ધિરૂભાઇ પટેલ રહે,શ્યામ વિહાર ફ્લેટ વેરા પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર

**મુદ્દામાલ :-** ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો Mc Dowells no-1 SUPERIOR WHISKY ORIGINAL FOR SALE IN HARIYANA ONLY ૭૫૦ એમ.એલ.ભરેલ કાચની ઇંગ્લીસ દારૂની બોટલો નંગ-૩૨ કુલ્લે કિ.રૂ.૧૬,૦૦૦/-તથા બ્રાઉન કલરની એકટીવા નં-GJ-01-NV-7019 કિ.રૂ.૩૦,૦૦૦/-તથા પકડાયેલ ઇસમની અંગજડતી માથી એક લાવા કંપનીનો ગ્રે કલરનો મો.ફોન કિ.રૂ.૧,૦૦૦/- તથા એક આધાર કાર્ડ નં-૪૬૬૪૫૬૪૯૨૮૦૯ નું કિ.રૂ.૦૦/૦૦ તથા રોકડા રૂ.૭૯૦/-જે તમામ મુદ્દામાલ ની કુલ્લે કિ.રૂ.૪૭,૭૯૦/-નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

**સર્વેલન્સ** શ્રી **વી.એમ.ગોહિલ** તથા સાથેના સ્ટાફના માણસો એ.એસ.આઇ અશ્વીનકુમાર રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.હેડ.કોન્સ દિનેશકુમાર જીવાજી બ.નં-૮૧૮૧ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.ન.૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.ન.૧૧૮૦૨ તથા અ.લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં.૫૦૯ તથા અ.લોકરક્ષક વિજયસિંહ અનોપસિંહ બ.ન.૧૮૨ બીજા સ્ટાફના માણસો

**આરોપીનો ફોટો**



# પાસા અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :-

**(૧)**

### ચોરી લુંટ તથા ઘરફોડ જેવા ગુના આચરી ગુનાહિત અસામાજીક પ્રવુતિ આચરતા ઇસમને પાસા અટકાયત હેઠળ સુરત જેલ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધિત ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ.શ્રી એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ અમદાવાદ શહેર ના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓ જેમાં (૧) માધવપુરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૯૫/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબ તથા (૨) નારોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૨૮/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૧)(૩) મુજબના ગુનાના કામના આરોપી આરોપી :- મુકેશભાઇ ઉર્ફે મુકરી લાલીયાભાઇ ઇન્દ્રેકર ઉ.વ.૩૮ રહે, સીંગલચાલી છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ. અમનેર તા. અમનેર જી. જલગાંવ મહારાષ્ટ્ર નાઓની મિલકત સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાએ ઉપરોક્ત આરોપી વિરૂદ્ધ પાસા ક્રમાંક : પીસીબી/ડીટીએન/ પાસા/૭૦૯/૨૦૨૦ તા.૨૧/૦૮/૨૦૨૦ ના રોજ પાસા અટકાયતી નો હુકમ કરતા ઉપરોક્ત આરોપીના પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહની કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ અ.પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧

આરોપીનો ફોટો :-



## ચોરી લુંટ તથા ઘરફોડ જેવા ગુના આચરી ગુનાહિત અસામાજીક પ્રવુતિ આચરતા ઇસમને પાસા અટકાયત હેઠળ સુરત જેલ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધિત ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ.શ્રી એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ અમદાવાદ શહેર ના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓ જેમાં (૧) નારોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૧૮/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ તથા (૨) નારોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૧૯/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૮૦, ૪૫૭, ૧૧૪ મુજબના ગુનાના કામના આરોપી :- આમીનુર મન્નાનખાન બંગાળી ઉ.વ.૨૫ રહે, સીયાસતનગર બંગાળીવાસના છાપરા ચંદોળા તળાવ ઇસનપુર અમદાવાદ શહેર મુળ વતન ગામ. જીવંતગી થાના બોનગાંવ જી.બારાસર પશ્ચિમ બંગાળ નાઓની મિલકત સબંધિત અસામાજીક પ્રવુત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાએ ઉપરોક્ત આરોપી વિરૂદ્ધ પાસા ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૭૧૦/૨૦૨૦ તા. ૨૧/૦૮/૨૦૨૦ ના રોજ પાસા અટકાયતી નો હુકમ કરતા ઉપરોક્ત આરોપીના પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહની કામગીરી કરેલ છે. તા.૨૧/૦૮/૨૦૨૦.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪, અ.પો.કો. દીપેનકુમાર મનુભાઇ, બ.નં. તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧

**આરોપીનો ફોટો**



(3)

# પ્રોહિબિશનની પ્રવુતિ સાથે સંકળાયેલ ઇસમની અટકાયત કરી પાસા હેઠળ સુરતની જેલ ખાતે મોકલતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશન સબંધી ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ.શ્રી એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ અમદાવાદ શહેરમાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સબંધિત ગુનાઓ જેમાં (૧) નારોલ પોલીસ સ્ટેશન પાર્ટે સી.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૬૯૨/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬ મુજબના ગુનાના કામના આરોપી જાનમોહમદ ઉર્ફે ચાંદ લાલમોહમદ શેખ ઉ.વ. ૩૭ રહે, મ.નં. ૫૬ અમનનનગરના ઝુપડા ઝુલતા મિનારા પાસે રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર તથા મ.નં. ૬૨ રોશનીપાર્ક દયારામ પ્રિન્ટની સામે એકતાનગરની બાજુમાં નારોલ અમદાવાદ શહેર નાઓની પ્રોહીબિશનની પ્રવુત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાએ ઉપરોક્ત આરોપી વિરૂદ્ધ પાસા અટકાયતી ક્રમાંક : પીસીબી/ડીટીએન//પાસા/૭૦૭/૨૦૨૦ તા. ૨૦/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતીનો હુકમ કરતા ઉપરોક્ત આરોપીના પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા.૨૧/૦૮/૨૦૨૦.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

પો.ઇન્સ એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.

અ.પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧ પી.આઇ. પર્સનલ સ્ટાફ

પાસા અટકાયતી : **જાનમોહમદ ઉર્ફે ચાંદ લાલમોહમદ શેખ**



## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## "શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી ઇસનપુર પોલીસ"

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ શરીર સબંધી ગુનાઓમા પકડાયેલ આરોપી કરણ સ/ઓ ધર્મેશભાઇ તારાચંદ ભાવસાર ઉ.વ ૨૩ રહે મ.ન ૨૩ શક્તિનગર સોસાયટી લાલ બંગલાની અંદર ગોવિદવાડી ઇસનપુર અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ ઇન્ચાર્જ પો.સબ.ઇન્સ વી.એન પરમાર તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૭૦૦/૨૦૨૦ તા.૨૦/૦૮/૨૦૨૦ થી સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૨૨/૦૮/૨૦૨૦

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૨૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૩૮૧ લીટર દેશી દારૂ અને ૪૬૫ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૨૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૪૩૦/૨૦૨૦**

**નવરંગપુરાઃ** ખુરમશાહી દહુસેન શેખ (ઉ.વ.૨૭) (રહે. જમ્માનશાહ પાર્ક-૨ મુસ્લિમ સોસાયટી નવરંગપુરા) એ તા.૨૨/૦૮/૨૦૨૦ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૧/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આશ્રમ રોડ ખાતે સાકાર-૯ ત્રીજા માળે આવેલ ઓફીસ નં-૩૧૮ એન-૨૩ ખાતેથી આરોપી (૧) ભાવિનકુમાર બિમલકુમાર મિસ્ત્રી (રહે. પાર્વતી નંદન ફલેટસ ઉજાલા સર્કલ પાસે સરખેજ) અને (૨) પાર્થ પિયુષકુમાર ભટ્ટ (રહે. અભિલાષા કોમ્પલેક્ષ, કંચનભુમિ ફલેટ પાસે ૧૦૦ ફુટ રીંગ રોડ સેટેલાઇટ) એ ભેગા મળી ખુરમશાહી શેખને વિશ્વાસ અને ભરોસો આપી ૧૪,૫૦૦ કિલો ચણા તથા ૧૯,૦૦૦ કિલો અલગ-અલગ દાળ મળી કુલ કિમત રૂપિયા ૨૩,૮૯,૮૬૭/- નો માલ મેળવી લઇ તેના નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૪૩૧/૨૦૨૦**

**ઈસનપુરઃ** જીતેન્દ્રભાઇ રણછોડભાઇ સોની (ઉ.વ.૫૦) (રહે. કર્ણાવતી એપાર્ટમેન્ટ વિભાગ-૩ માનશી સોસાયટીની બાજુમા ભૈરવનાથ ઈસનપુર રોડ ઈસનપુર) તા.૨૦/૦૮/૨૦૨૦ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે ઇસનપુર કેનાલ રોડ શીવમ સોસાયટી નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાઇકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) જીતેનદ્રભાઈના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨,૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જીતેન્દ્રભાઈ સોનીએ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી પી.આર.ચાવડા ચલાવે છે.

**<u>ત્રીજા માળેથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૨/૨૦૨૦</u>**

સાબરમતીઃ સામંતભાઇ ચીમનભાઇ બારૈયા (ઉ.વ.૩૫) (રહે.ગામ અંતીલા તા.દેવગઢ બારૈયા જી.દાહોદ) તા.૨૨/૦૮/૨૦૨૦ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે “આનંદ આઇ લાઇફ” જે બ્લોક ત્રીજા માળે સેન્ટીંગનુ કામ કરતા હતા ત્યારે ત્રીજા માળેથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને કે.ડી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૩/૨૦૨૦</u>**

**વેજલપુરઃ** સુમનબહેન ડો/ઓફ રાજુભાઇ રાઠોડ (ઉ.વ.૧૮) (રહે. ચાંદભાઇના આરા પાસે કાચા છાપરામાં મેટ્રો સ્ટેશન પાછળ ફતેવાડી) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૮/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે,કો.શ્રી રાજેશભાઇ સબુરભાઇ ચલાવે છે.

**મેઘાણીનગર** : અંકીત વિજયભાઇ પટણી (ઉ.વ.૧૭)(રહે.ગાંધી સોસાયટી, ઓમનગર, રેલ્વે ક્રોસીગ પાસે, મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૨૦૨૦ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લેતા સારવાર માટે તેમને શારદા કલીનીક અસારવા ચકલા ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૦૮/૨૦૨૦ સવારના ૦૭/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એન.ચાવડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી